# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## વિશેષ નિયમની વિશેષ વાત

- શાસ્ત્રી હરિપ્રિયદાસજી (ગાંધીનગર)

ચાતક જેમ ચંદ્રની પ્રતિક્ષા કરે છે, મોરલા જેમ મેહુલાની પ્રતિક્ષા કરે છે, કુંજ પક્ષીના બચ્ચાં જેમ તેની માતાની પ્રતિક્ષા કરે છે તેમ આપણે પણ કેટલા સમયથી વરસાદની  રાહ જોઈ રહ્યા હતા ? વર્ષાઋતુમાં વરસાદ આવતાંની સાથે વાતાવરણમાં કેવી આહલાદકતા વ્યાપી જાય છે, ચારે તરફ વનરાજી લીલી છમ થઈ હોય, ભીની ભીની માટીની ખુશ્બુ આવતી હોય એવા વાતાવરણમાં કેવી મજા પડી જાય. બાળકો, યુવાનો, વડીલો સહુ વરસાદ આવતાંની સાથે ખુશ ખુશ થઈ જાય. આહ ! કેવી મજા !

આવ રે વરસાદ, ઘેબરીયો પ્રસાદ,
ઉની ઉની રોટલી ને કારેલાનું શાક.

પણ બાળકો તમને ખબર છે, મજામાં પણ ઘણી વખત સજા થઈ જતી હોય છે. બીજાને તો ઠીક પણ એકવાર આપણા ઘનશ્યામ મહારાજના મોટા ભાઈ રામપ્રતાપભાઈને પણ આ વર્ષાઋતુમાં સજા થઈ ગયેલી!!! મોટાભાઈને વળી સજા ? આ તો બહુ આશ્ચર્ય કહેવાય !!! જો તમારે જાણવુ હોય તો શાંતિથી અને સાવધાની થી આ વાત વાંચો.

જ્યારે ઘનશ્યામ મહારાજ છપૈયામાં બિરાજતા હતા તે સમયની આ વાત છે. અષાઢ શુદ-૧૧ થી ચાતુર્માસ શરૂ થતો હતો તેથી શરૂઆતના દિવસે સવારે જ ઘનશ્યામ મહારાજે ઘરના સહુને યાદ દેવડાવી દીધું કે આજથી ચાતુર્માસની શરૂઆત થાય છે એટલે બધા જ વિશેષ નિયમો લઈને ભગવાનને રાજી કરશું. સહુએ ઘનશ્યામ મહારાજની આજ્ઞાનું પાલન કરવા વિશેષ નિયમો લીધાં. મોટા ભાઈએ પણ વિશેષ નિયમ લીધા. તેમાં એક નિયમ એવો લીધો કે સૂર્યનારાયણનાં દર્શન થાય પછી જ જમવું. તમને તો ખબર જ હશે કે ચાતુર્માસ ચોમાસામાં જ આવે. હવે એવું થયું કે રામપ્રતાપભાઈને આ નિયમ ભારે પડી ગયો. છપૈયામાં ચોમાસું જામ્યુ. સારાય આકાશમાં કાળા ડિંબાંગ વાદળો ઘેરાઈ ગયાં. અને એ ઘનઘોર વાદળામાં સૂર્યનારાયણ છુમંતર થઈ ગયા. ને વરસાદ પણ વરસવા લાગ્યો.

રામપ્રતાપભાઈનો તો નિયમ હતો કે સૂર્યનારાયણનાં દર્શન ન થાય ત્યાં સુધી જમવું નહી. તે આ વરસાદમાં તો સૂર્યનારાયણનાં દર્શન થઈ શક્યાં નથી. રામપ્રતાપભાઈને તો ઉપવાસ થયો. તે થોડું ઘણું નહી પણ એક, બે, ત્રણ એમ કરતાં કરતાં લાગલાગટ બાર ઉપવાસ થઈ ગયા. પણ આ મુશ્કેલીથી હારી જાય તો મોટાભાઈ શાના !! નિયમ એટલે નિયમ. નિયમ પાળતાં ગમે તેટલી મુશ્કેલી આવે પણ નિયમનું પાલન શુરવીરતાથી કરે તે જ સાચો ભક્ત ગણાય. અને આવા શુરવીર અને નિષ્ઠાવાન ભક્તની જ ભગવાન સહાય કરે છે. અને આવા ભક્તો જ ભગવાનને પ્રિય પણ છે.

આમ, બાર-બાર ઉપવાસ થયા ત્યારે ઘનશ્યામ મહારાજે મોટાભાઈને પૂછ્યું કે મોટાભાઈ ! તમે આવું કઠીન નિયમ શા માટે લીધું છે ? ત્યારે મોટાભાઈએ કહ્યું કે મને બીજી કોઈ ઈચ્છા નથી પણ પ્રત્યક્ષ સૂર્યનારાયણનાં દર્શનની ઈચ્છા થાય છે ખરી. મનની વાત પ્રભુ ચરણે રજુ કરી ત્યાં તો ઘનશ્યામ મહારાજની ઈચ્છાથી પ્રત્યક્ષ સૂર્યનારાયણ રથમાં બેસીને ધર્મદેવનાં આંગણામાં ઉભા રહ્યા. મોટાભાઈને મનમાં થોડી મુંઝવણ થઈ કે સૂર્યનારાયણનો પ્રકાશ તો ઘણો બધો હોય ને આમનો પ્રકાશ કેમ જણાતો નથી ?? મોટાભાઈના મનની વાત જાણી જઈને સૂર્યનારાયણે પોતાનો આંશિક પ્રકાશ બતાવ્યો તો અપરંપાર પ્રકાશ પ્રકાશ થઈ ગયો. પછી મોટાભાઈએ સૂર્યનારાયણની પૂજા-પ્રાર્થના કરી. ત્યારે સૂર્યદેવે કહ્યું કે મોટાભાઈ ! અમે અને બીજા બધા દેવો આ તમારા ભાઈ ઘનશ્યામ પ્રભુની ઉપાસના કરીએ છીએ. એમની આજ્ઞા પાળીએ છીએ. તો તમે પણ એમની ઉપાસના કરો, તેમ કહીને સાક્ષાત્ સૂર્યનારાયણે ઘનશ્યામ મહારાજની પૂજા કરી.

પછી સુવાસીની ભાભીએ ગોમતી ગાયનું દૂધ લાવીને સૂર્યદેવને આપ્યું. સૂર્યદેવે પ્રસન્ન થઈને દૂધ પીધું ને પછી રથમાં બેસી ભગવાનની આજ્ઞા લઈને અદૃશ્ય થઈ ગયા. આકાશમાં મધ્યાહ્ન જેવો સૂર્યપ્રકાશ દેખાયો. પછી માતાજીએ રસોઈ કરીને મોટાભાઈને જમાડ્યા. ત્યારે બાર દિવસના ઉપવાસની પૂર્ણાહુતિ થઈ.

મિત્રો ! જોયું ને ! મોટાભાઈની કેવી અડગ ટેક ! બાર ઉપવાસ થયા છતાં પણ પોતે લીધેલા નિયમમાં ફેરફાર ન કર્યો. તો તમારે પણ જો ઘનશ્યામ મહારાજની પ્રસન્નતા જોઈતી હોય તો ઘનશ્યામ મહારાજે શિક્ષાપત્રીના શ્લોક ૭૬, ૭૭ અને ૭૮ માં આઠ નિયમો બતાવ્યા છે. એ આઠ નિયમમાંથી જો કોઈ પણ એક નિયમ રાખશો તો મોટાભાઈના જેવી મુશ્કેલી નહી થાય. અને ઘનશ્યામ મહારાજ રાજી થશે.

●

**ધૈર્યવાન બનો**

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

ઘણા બધા સદ્‌ગુણોમાં સૌથી મોટો સદ્‌ગુણ હોય તો તે છે ધૈર્ય અને જો કઠણમાં કઠણ સદ્‌ગુણ હોય તો તે પણ ધૈર્ય છે. ગમે તેવી વિપરીત પરિસ્થિતિમાં પણ ધૈર્ય ગુમાવે નહિ તેને કહેવાય ધૈર્યવાન અને એવાં અનેકાનેક વિપરીત કારણો પ્રસંગો બને છતાં ધૈર્ય રાખે તેને કહેવાય અતિ ધૈર્યવાન અને માટે જ શતાનંદ સ્વામીએ મહારાજનું એક નામ રાખ્યું ''અતિ ધૈર્યવત્તે નમઃ''

શ્રીહરિ સાથે અમદાવાદમાં પેશ્વાએ એવો દગો કર્યો કે ભલભલાને પોતાની ધીરજનું તળિયુ દેખાય. હાથ જોડીને નમસ્કાર કરીને પ્રભુને પોતાને ત્યાં પધારવા વિનંતી કરી. ''નમન નમન મેં ફેર હૈ બહોત નમન નાદાન.'' દગાખોર માણસને નમતા આવડે. લુચ્ચો માણસ વધારે પગે લાગે. સીધો સાદો ખાલી હાથ જોડીને ચલાવી લે. સ્વામિનારાયણ ભગવાન ભદ્રની કચેરીએ પધરામણીએ પધાર્યા. ત્યારે બોલ્યો કૃપા કરી આપ એકલા જ અંદર પધારો. અંદર કચેરી (ઓફિસ) હોવાથી આ બધા ભક્તોની ભીડ ત્યાં શોભે નહિ. સંતો ભક્તોની ઈચ્છા નહોતી. છતાં પ્રભુની આજ્ઞાથી બહાર ઉભા રહ્યા. દેવાનંદ દંડી નામના એક સંત હઠાગ્રહથી મહારાજની સાથે અંદર ગયા. અંદર મોટા ટાંકા ઉપર ગાદી તકિયો ગોઠવી કાવત્રું ગોઠવ્યું હતું. પ્રભુને ત્યાં બેસવા વિનંતી કરી. સર્વાન્તર્યામી શ્રીહરિએ કહ્યું, સુબાજી, એ આસન તો તમારા માટે છે આવું રાજ્યાસન અમારા માટે ન હોય. આવાં આસનો તમારા માટે જ યોગ્ય છે. ભગવાનનો કહેવાનો ગર્ભિત અર્થ એ હતો કે જો સારે રસ્તે નહિ ચાલો, નીતિ અને સત્યનું પાલન નહિં કરો, ભગવાનની ભક્તિ નહિં કરો, તો પછી આવા નરક કુંડ સમાં ટાંકા તમારા માટે છે જ. ત્યારે સુબાએ કહ્યું. પ્રભુ ! થોડીવાર બિરાજી પવિત્ર કરી આપો. હા, કંઈ વાંધો નહિ. તમારો ભાવ છે તો સ્પર્શથી પવિત્ર કરી આપશું. પ્રભુના હાથમાં સોટી હતી. તે ગાદી ઉપર દબાવી એટલે દબ દઈને ગાદીને તકિયો ટાંકામાં પડ્યો. ભયંકર ઉડું ટાંકુ હતું. પેશ્વાનું કપટ ખુલ્લું પડી ગયું. તેના મોઢાં ઉપર શાહી ઢળી ગઈ. પરંતુ અતિ ધૈર્યવાન એવા ઈષ્ટદેવ શ્રીહરિ એ ધૈર્ય ગુમાવ્યું નથી. વિચાર કરજો. એ વખતે કોઈ સામાન્ય માનવી હોય તો શું દશા થાય ? મહારાજના મુખ ઉપર ક્રોધની એક રેખા પણ ન ખેંચાઈ. માટે પ્રભુનું નામ છે અતિ ધૈર્યવાન એ ખરેખર યોગ્ય જ છે. પ્રભુ તો કાંઈ ન બોલ્યા પણ એમની સાથે એક સંત હતા. દેવાનંદ દંડી એ આ જોઈ ન શક્યા. ગુસ્સાથી લાલ પીળા થઈ ગયા. દંડ ઉછાળવા માંડ્યા. મહારાજે એમનો હાથ પકડી રાખ્યો. શાંત રહો. ગરમ ન થશો. શ્રીજી મહારાજે હસતા હસતાં પેશ્વાને કહ્યું કંઈક તો ભગવાનનો ડર રાખો. આટલું કહી પેશ્વાને કશું વઢ્યા વગર, ઠપકો આપ્યા વગર ચાલ્યા. તો પાછળથી પેશ્વાએ માણસ મોકલીને કહેવરાવ્યું. સ્વામિનારાયણ ભગવાનને જાણ થાય કે અમારા શહેરમાં બીજીવાર આવશો નહિ. તમારે અમદાવાદમાં નહિ આવવાનું સંદેશો લાવનાર માણસને મહારાજે કહ્યું. તું પૂછી આવ, ક્યાં સુધી ન આવીએ ? પેશ્વાએ જવાબ મોકલ્યો, અહીં અમારું રાજ્ય હોય ત્યાં સુધી નહીં આવવાનું ! હરિભક્તો બધા ઉદાસ થઈ ગયા. મહારાજે કહ્યું શાંતિ રાખો.

''સંત સંતાપે જાત હૈ, રાજ કુળ ઔર વંશ,
તુલસી તીનું ના રહા, રાવણ, કૌરવ, કંસ.''

આનું રાજ્ય ક્યાં સુધી ટકશે ? થોડા સમય પછી સુબાનું રાજ્ય ગયું. આપણો પ્રસંગ એ છે કે આવા વિપરીત સંજોગોમાં ધૈર્ય ગુમાવે નહિ તે અતિ ધૈર્યવાન કહેવાય.

માટે જીવનમાં ભગવાન જેવા ધૈર્યવાન તો આપણે ન થવાય પણ થોડુ ધૈર્ય કેળવતાં શીખશો તો પરમ શાંતિની પ્રાપ્તિ થશે અને ભગવાન પણ ધૈર્યવાનની જ સહાય કરે છે માટે સુખી થવું હોય તો ધીરજદારી બનતા શીખો.

(''શ્રી જનમંગળ કથા ભાષ્યના આધારે.'')